અપીલ અરજી નં.૧૫ તા.૧૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી જયેશ મુનિકુમાર પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

આરોગ્ય અધિકારી ઈ.ચા. ડે.કમિ. (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયેશ મુનિકુમાર પટેલની તા.૩–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. સુરત પારસી પંચાયતે પોતાની જમીન જેનો સ.નં.૨૧ સી સ.નં.૧૫૯૭, ટી.પી.સ્કીમ નં.૮, ઉમરવાડા, ફા.પ્લોટ નં.૧૪૭– ૧૫૦ વાળી જમીન સુ.મ.પા. ને રકતપિતની હોસ્પીટલ બાંધવા માટે આપવામાં આવેલ તે સદરહુ જગ્યામાં રકતપિતની હોસ્પીટલ બાંધવામાં આવેલ છે કે કેમ? તેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૫/૨૦૧૦–૧૧

શ્રી જયેશ મુનિકુમાર પટેલની તા.૩–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. સુરત પારસી પંચાયતે પોતાની જમીન જેનો સ.નં.૨૧ સી સ.નં.૧૫૯૭, ટી.પી.સ્કીમ નં.૮, ઉમરવાડા, ફા.પ્લોટ નં.૧૪૭–૧૫૦ વાળી જમીન સુ.મ.પા.ને રકતપિતની હોસ્પીટલ બાંધવા માટે આપવામાં આવેલ તે સદરહુ જગ્યામાં રકતપિતની હોસ્પીટલ બાંધવામાં આવેલ છે કે કેમ? તેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/આ/૫૧૫ તા.૨૬–૩–૧૦ થી આપેલ માહિતી સતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫ તા.૨૦–૪–૧૦ થી ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને અપીલ અરજીમાં કરવામાં આવેલ દાવો તેમજ મુદ્દા નં.૨ નો જવાબ સંતોષકારક નથી તે અંગે તેઓની પાસે ઉપલબ્ધ આધાર અને સમર્થન હોય તો આધારસહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૯–૪–૧૦ ના પત્રથી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ /૫૨ તા.૫–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મેળલ છે. જેમાં પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ ૪૯ તા.૪–૫–૧૦ ના તબદીલ પત્રની નકલ, રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી લીંબાયત ઝોના પત્ર નં. ૪૨૦૮ તા.૪–૩–૧૦ તી ટાઉન પ્લાનર મધ્યસ્થને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં જણાવ્યા અનુસાર પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૧૪ થી મુદ્દા નં.૨ અને ૩ ની આંશિક પૂર્તતા માટે આરોગ્ય અધિકારીને તા.૨૬–૩–૧૦ ના રોજ તબદીલ કરવામાં આવેલ ત્યારબાદ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૯ તા.૪–૫–૧૦ થી અપીલ તબકકે પુનઃ આરોગ્ય અધિકારીને પૂર્તતા અંગે જણાવવામાં આવેલ. તેમજ પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૧૫ તા. ૨૬–૩–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧. સુરત પારસી પંચાયતે પોતાની જમીન જેનો સ.નં.૨૧ સી સ.નં.૧૫૯૭, ટી.પી.સ્કીમ નં.૮, ઉમરવાડા, ફા.પ્લોટ નં.૧૪૭–૧૫૦ વાળી જમીન સુ.મ.પા.ને રકતપિતની હોસ્પિટલ બાંધવા માટે આપવામાં આવેલ તે સદરહુ જગ્યામાં રકતપિતની હોસ્પિટલ બાંધવામાં આવેલ છે કે કેમ? તેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ઉમરવાડા રે.સ. નં.૨૧ વાળી મંજુર ફા. સ્કીમ નં.૮ ઉમરવાડા ના ફા.પ્લોટ નં.૧૪૭–૧૫૦ વાળી જમીનમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં રકતપિતની હોસ્પિટલ બાંધવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨. હાલમાં સુરત મહાનગરપાલિકાએ રકતપિતની હોસ્પિટલ કઈ જગ્યાએ બાંધીને ચલાવવામાં આવે છે અને તે હોસ્પિટલ કઈ સાલમાં બનાવવામાં આવેલ તેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં રકતપિતની હોસ્પિટલ બાંધવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સુરત મહાનગરપાલિકા ને સુરત પારસી પંચાયતે ફાળવેલી જગ્યામાં હાલમાં રકતપિતની હોસ્પિટલ બનાવવા માંગો છો કે કેમ? તેની માહિતીની નકલ અથવા સદર જગ્યામાં સુરત મહાનગરપાલિકા હાલમાં શાનું બાંધકામ કરવા કોનો ઉપયોગ કરવામાં આવેલ છે તે પ્લાન સહિતની તમામ વિગતોની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ઉમરવાડા રે.સ. નં.૨૧ વાળી મંજુર ફાઈનલ ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા) ના ફા.પ્લોટ નં.૧૪૭–૧૫૦ વાળી જમીનમાં ગેરકાયદેસર ઝુંપડાઓનું દબાણ હોવાથી હાલમાં આ જમીન પર વિકાસ કરવા માટે કોઈ આયોજન નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી માહિતીનું વિવરણ માંગેલ તેમાં મુદ્દા નં.૨ સબંધેનો મોકલેલ જવાબ સંતોષકારક નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫ તા.૨૦–૪–૧૦ થી અપીલ અરજીમાં કરવામાં આવેલ દાવો તેમજ મુદ્દા નં.૨ નો જવાબ સંતોષકારક નથી તે અંગે તમારી પાસે ઉપલબ્ધ આધાર અને સમર્થન હોય તો આધારસહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૯–૪–૧૦ થી મુદ્દા નં.૨ હાલમાં સુરત મહાનગરપાલિકાએ રકતપિતની હોસ્પિટલ કઈ જગ્યાએ

બાંધીને ચલાવવામાં આવે છે અને તે હોસ્પિટલ કઈ સાલમાં બનાવવામાં આવેલી તેની માહિતીની નકલ. વધુમાં અરજદારે જણાવેલ છે કે રકતપિતની હોસ્પિટલ સુરત મહાનગરપાલિકાએ સહરા દરવાજા પાસે મોટા ચાર રસ્તા પાસે બાંધેલ છે અને હાલમાં તે ચાલુ છે પરંતુ તે કઈ સાલમાં બનાવવામાં આવી તેની માહિતી નથી. આ સિવાય અમારી પાસે કોઈ આધાર નથી તેવું જણાવેલ છે. જે બાબતે આરોગ્ય અધિકારીને પત્ર આરટીઆઈ /૫૧૪ તા.૨૬–૩–૧૦ ના રોજ તબદીલ કરેલ છે. તેમજ અપીલ તબકકે પણ જાહેર માહિતી અધિકીર તરફથી નં.ટીપીડી/૫૨ તા.૫–૫–૧૦ થી તબદીલ કરેલ છે. જે અંગે આરોગ્ય અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ની આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ),આરોગ્ય અધિકારી ઈ.ચા. ડે.કમિશ્નર (હે અને હો.) અને જાહેર માહિતી અધિકારી,.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયેશ મુનિકુમાર પટેલ(એડવોકેટ)